10 દિવસમાં 650 કરોડની મિલકતોનું વેચાણ

1 વીઘા ખેતીની કિંમત 4 કરોડ, પ્રોપર્ટીના રેટ 10% સુધી વધી ગયા

દારૂની મંજૂરી મળતા અને ગિફ્ટને લઇને ફેઝ-2, ફેઝ-3ની પરવાનગી મળતા જ ગિફ્ટ સિટીમાં મિલકતોના ભાવોમાં ઐતિહાસિક તેજી જોવા મળી છે. ગિફ્ટ સિટી નજીકના 5 ગામમાં છેલ્લા 10 દિવસમાં જ ખેતીની જમીનના ભાવ પ્રતિ વીઘા 4 થી 5 કરોડ સુધી વધી ગયા છે. બીજી તરફ ફ્લેટ્સ અને પ્લોટ્સની ઈન્કવાયરીમાં તેજીથી બિલ્ડરોએ ભાવમાં 10%નો વધારો કર્યો છે. છેલ્લા 10 દિવસમાં ગિફ્ટ સિટીમાં 650 કરોડની મિલકતોનું વેચાણ થયું છે. અત્યારે ગિફ્ટ સિટીમાં 12 પ્રોજેક્ટમાં 30 ટાવર નિર્માણાધીન છે. તેમાં કોમર્શિયલ અને રેસિડેન્શિયલ બંને પ્રકારની બિલ્ડિંગ છે.

કાવ્યરત્ન ગ્રુપના એમડી એસકે પટેલ અનુસાર છેલ્લા એક સપ્તાહમાં ગિફ્ટ સિટીમાં વિભિન્ન પ્રોજેક્ટમાં 300 થી 350 યુનિટનું વેચાણ થયું છે. તેની કિંમત 500 થી 650 કરોડની વચ્ચે છે. તેને કારણે ભાવવધારો થયો છે. એક સપ્તાહ પહેલા કોમર્શિયલ યુનિટના ભાવ પ્રતિ સ્ક્વેર ફૂટ 7 હજાર રૂપિયા હતા જે હવે 8 હજાર થઇ ચૂક્યા છે. જ્યારે રેસિડેન્શિયલની કિંમતો પ્રતિ સ્ક્વેરફૂટ 8 હજારથી વધીને 9 હજાર રૂપિયા થઇ ચૂકી છે. ગિફ્ટમાં રોજ 50 થી 60 ઈન્ક્વાયરી આવી રહી છે.

જમીનની વાત કરીએ તો રતનપુર, શાહપુર, વલાદ, લવારપુર અને ડભોડા ગામમાં જમીનોની કિંમતો સૌથી વધુ વધી છે. આ એ જ ગામો છે જ્યાં ગિફ્ટ સિટીનું વિસ્તરણ થવાનું છે. અહીં 1 વીઘા જમીનનો ભાવ 15 થી 17 કરોડ સુધી પહોંચી ચૂક્યો છે જે પહેલા 12-13 કરોડની આસપાસ હતો. અહીં પણ જમીનોની ઈન્ક્વાયરીમાં તેજી આવી છે.

ગિફ્ટમાં તેજીથી 10 હજાર મકાનોની માંગ ઉભી થશે

ગિફ્ટ સિટીમાં અત્યારે જે માંગ પ્રવર્તી છે, તેને જોતા ટૂંકમાં જ મોટી કંપનીઓ મેદાનમાં ઉતરી શકે છે. તેની સંખ્યા હજારોમાં પણ હોય શકે છે. તેને જોતા આગામી 1 વર્ષમાં જ ટ્રાઈસિટી (ગિફ્ટ સિટી, અમદાવાદ અને ગાંધીનગર)માં 10 હજાર મકાનોની માંગ વધશે. જે રિયલ એસ્ટેટ માર્કેટ માટે મોટી તેજી હશે. અત્યાર સુધી ગિફ્ટમાં નાઈટ લાઈફ ન હોવાથી માંગ રોકાયેલી હતી. પરંતુ લિકર પરમિશન મળવાથી અને નવા પ્રોજેક્ટની તૈયારીઓ પુરજોશમાં હોવાથી અહીં સતત તેજી રહેવાની શક્યતા છે. » ઉત્પલ પટેલ, ડિરેક્ટર, નક્ષત્ર ગ્રુપ

31 ડિસેમ્બર પૂર્વે 6 સ્થળે દરોડા પાડી પોલીસે 436 બોટલ પકડી

લિસ્ટેડ બૂટલેગર પિતા-પુત્રના મકાનમાંથી ભોંતળિયે સંતાડેલી 332 બોટલ પકડાઈ

ક્રાઇમ રિપોર્ટર | રાજકોટ

31મી ડિસેમ્બરના દારૂની રેલમછેલને અટકાવવા પોલીસ તંત્રે શરૂ કરેલી ઝુંબેશ વચ્ચે વધુ 6 સ્થળે દરોડા પાડી રૂ.1.46 લાખની કિંમતનો વિદેશી દારૂની 436 બોટલ પકડી પાડી છે. શહેરના સંત કબીર રોડ, ભગીરથ સોસાયટી-7માં રહેતા લિસ્ટેડ બૂટલેગર દિલીપ કરશન ચંદારાણા અને તેના પુત્ર પ્રતિકે તેના રહેણાક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડ્યો હોવાની એલસીબી ઝોન-1ના કોન્સ. રવિરાજ પટગીર, સત્યજિતસિંહ જાડેજાને માહિતી મળી હતી. જેના આધારે પીએસઆઇ બી.વી. બોરીસાગર સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન નામચીન બૂટલેગર પિતા-પુત્ર હાથ લાગ્યા ન હતા, પરંતુ મકાનની તલાશીમાં કબાટની અંદર બનાવેલા ચોરખાનામાંથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ 332 બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ કબજે કરી ફરાર બૂટલેગર પિતા-પુત્રને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. દિલીપ અગાઉ છ વખત અને તેનો પુત્ર પ્રતિક 8 વખત પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. પુનિતનગર નજીક ભારતનગર હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતા લિસ્ટેડ બૂટલેગર અમરદીપસિંહના ભાઇ બિરેન્દ્રસિંહ ક્રિપાલસિંહ ઝાલાને તાલુકા પોલીસે 16 બોટલ સાથે પકડી પાડ્યો છે. પીટીસીના ગ્રાઉન્ડ પાસેની બાવળની ઝાડીમાં સંતાડેલો વિદેશી દારૂની 46 બોટલ સાથે ગંજીવાડા-36માં રહેતા અજય ઉર્ફે ચીબરી નથુ ડાભીને, કોઠારિયા સોલવન્ટ પાસેના પંડિત દીનદયાળનગરમાં રહેતા વનરાજસિંહ પ્રતાપસિંહ જાડેજાને વિદેશી દારૂના 30 ચપલા સાથે, તરઘડિયાના છગન ધરમશી પીપળિયાને વિદેશી દારૂની 9 બોટલ સાથે, જ્યારે લક્ષ્મણ ટાઉનશિપમાં રહેતા જિગ્નેશ પ્રકાશ પરમારને નાનામવા મેઈન રોડ પરથી વિદેશી દારૂના 3 ચપલા સાથે પોલીસે ઝડપી લઇ કાર્યવાહી કરી છે.

ઝાયડસ હેલ્થકેરને ઈન્કમટેક્સની રૂ.285 કરોડની ડિમાન્ડ નોટિસ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ફાર્મા કંપની ઝાયડસ લાઈફની પેટા કંપની ઝાયડસ હેલ્થ કેરને આવકવેરા વિભાગે 285 કરોડની ડિમાન્ડ નોટિસ આપી છે. કંપનીને આવકવેરાની કલમ 143(1) હેઠળ આકારણી વર્ષ 2023-24 માટે નોટિસ મોકલાઈ છે. કંપનીએ 26 ડિસેમ્બરે એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, આશરે રૂ.1250 કરોડનો ખર્ચ ફાઈલ કરેલા ઈન્કમટેક્સ રિટર્નમાં બાદ માગવામાં આવ્યો હતો, જેની શરતો પરિપૂર્ણ ન થતા તેને આવકવેરા વિભાગે મંજૂરી ના આપી કંપની પાસે 285 કરોડની ડિમાન્ડ ઊભી કરવામાં આવી છે. સરકારે એવી શરત મૂકી છે કે, જે વ્યક્તિ નવી રોજગારી ઊભી કરશે તેને 3 વર્ષની એવરેજ લઇ વધારાના ખર્ચ ઈન્કમટેક્સમાંથી બાદ અપાશે. કંપનીના પ્રવક્તાએ નોટિસને ગેરકાયદે ગણાવી કહ્યું, અમે જરૂરી પુરાવા ઈન્કમટેક્સમાં રજૂ કર્યા છે. કંપનીએ કાયદાની જોગવાઈને આધિન કામ કર્યું છે. રૂ. 285 કરોડના ઓર્ડરમાં ઈન્કમટેક્સને સુધારાવધારા માટેની અરજી કરી દીધી છે.

» જેકેટ 5 પાનાનું અનુસંધાન

‘લંડન આઈ’થી...

જ્યારે બીજા તબક્કામાં 2900 કરોડ અને ત્રીજા તબક્કામાં 2600 કરોડ ખર્ચ કરાશે. 10 જાન્યુઆરીથી શરૂ થઇ રહેલી વાઈબ્રન્ટ સમિટમાં પણ ગિફ્ટી સિટીમાં રોકાણને લઈને વિશ્વના મોટા રોકાણકારો સાથે ચર્ચા થશે. સરકાર આ પ્રોજેક્ટના માર્કેટિંગ અને બ્રાન્ડિંગ પર પણ કામ કરી રહી છે. તેના માટે સિંગાપુરની એક મોટી કંપનીના ઉચ્ચ અધિકારીઓને ગિફ્ટી સિટી સાથે જોડવામાં આવ્યા છે. જે સંભવતઃ આગામી દોઢ-બે મહિનામાં પોતાનું કામ સંભાળશે. મુખ્યત્વે તેમનું કામ ગિફ્ટ સિટીનું આંતરરાષ્ટ્રીય સ્તર પર બ્રાન્ડિંગ કરવાનું રહેશે.

» પહેલા પાનાનું અનુસંધાન

ચંદ્ર પર...

- અત્યાર સુધીનું સૌથી મોટું સ્પેસક્રાફ્ટ Clipper મિશન માટે બનાવાય રહ્યું છે. આ સ્પેસક્રાફ્ટનું વજન ઈંધણ વિના 3241 કિલોગ્રામ હશે. આ સ્પેસક્રાફ્ટની લંબાઈ એક બાસ્કેટબોલ કોર્ટ જેટલી એટલે કે 30 મીટર હશે. જ્યુપિટર મિશન માટે તૈયાર આ સ્પેસક્રાફ્ટ પર 24 એન્જિન હશે.
- ગુરૂ ગ્રહના ચંદ્ર યૂરોપા પર જીવનની શોધનું મિશન ચાલી રહ્યું છે. એવી ધારણા છે કે યૂરોપા પર જીવન શક્ય છે, અહીં ઉર્જા અને પાણીના પ્રાકૃતિક સ્રોત મળી શકે છે. નાસા ઓક્ટોબર 2024માં ક્લીપર સ્પેસક્રાફ્ટ લોન્ચ કરવા જઈ રહ્યા છે. યૂરોપા પર આવા ઊર્જા સ્રોતોનો અંદાજ છે, જે 400 કરોડ વર્ષ સુધી ખત્મ નહીં થાય.
- યુરોપની પહેલી એક્સાસ્કેલ સુપર કોમ્પ્યુટર 2024માં લોન્ચ થશે. આ સુપર કોમ્પ્યુટરને જર્મનીના જુલિચ શહેરના નેશનલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં લગાવાશે. આ સુપર કોમ્પ્યુટર દર સેકન્ડે 10 ટુ ધ પાવર ઓફ 18 સુધી કેલક્યુલેશન કરી શકે છે.
- કુપોષણનો ખાત્મો કરનારી દવા બિલ ગેટ્સ ફાઉન્ડેશન બનાવી રહ્યું છે, કુપોષણને ખત્મ કરનારી આ દવા પર સ્ટેજ-3નું ટ્રાયલ ચાલી રહ્યું છે. વર્ષ 2024માં આ દવાનો ઉપયોગ કરવા માટે WHOની પરવાનગી મળી ગઈ છે. જણાવી દઈએ કે ભારતમાં 43 લાખથી વધુ બાળકો કુપોષણનો શિકાર છે. આ દવાનો ભારતને પણ ઘણો લાભ મળશે.
- 100 વર્ષ પછી ફ્રાન્સમાં ઓલમ્પિકઃ વર્ષ 2024માં ફ્રાન્સની રાજધાની પેરિસમાં ઓલમ્પિક યોજાશે. પેરિસમાં આ પહેલા ઓલમ્પિકનું આયોજન 1924માં થયું હતું. પેરિસ ઓલમ્પિકમાં 32 રમતોનો સમાવેશ કરાયો છે, જેની 306 પ્રતિયોગિતાઓ થશે. જેમાં પહેલીવાર ‘બ્રેક ડાન્સ’ની પ્રતિયોગિતા પણ જોવા મળશે. વર્ષ 2024માં પેરિસ બીજુ એવું શહેર બની જશે, જ્યાં ત્રીજી વખત ઓલમ્પિક ખેલ થશે. અત્યાર સુધી માત્ર લંડન જ એવું શહેર છે, જ્યાં ત્રણ વખત ઓલમ્પિક ખેલ થઈ ગયા છે. પેરિસમાં ઓલમ્પિકનો ખર્ચ આશરે 76 હજાર કરોડ રૂપિયાનો થશે.
- ચર્ચમાં મહિલા પાદરી હશેઃ કેથલિકો મોટી સંખ્યામાં મહિલાઓને પાદરી બનવા દેવા માંગતા નથી. પરંતુ વર્ષ 2024માં ‘કેનન લો’માં ફેરફાર થઈ શકે છે. કેથોલિક ચર્ચો ફક્ત આ કાયદા હેઠળ ચાલે છે. પોપ ફ્રાન્સિસ નવા વર્ષમાં મંત્રાલયમાં મહિલાઓના હોદ્દા અંગે અંતિમ નિર્ણય લઈ શકે છે. સમલૈંગિક લગ્નને લઈને પણ પોપ ફ્રાન્સિસ નિર્ણય લઈ શકે છે. સાયનોડ ઓન સોલિડેરિટીનું છેલ્લું સત્ર ઓક્ટોબર 2024માં વેટિકન સિટીમાં યોજાશે. તેનો હેતુ કેથોલિક નિયમોમાં સુધારો કરવાનો છે.

શિક્ષણ માટે...

આપવાનો છે. કચ્છની આ પહેલી ઘટના છે જેમાં શૈક્ષણીક સંકુલ બનાવી આપનાર દાતાએ 25 વર્ષ સુધી કન્યાઓના ભણતર અને કેળવણીનો ખર્ચ પણ ઉપાડ્યો છે.ઉલ્લેખનીય છે કે,ભુડિયા પરિવાર વિવિધ શહેરોમાં મા-બાપની સેવાઓ કરવાની પરંપરા આગળ વધારી રહ્યો છે ભોજન,પાણી,શિક્ષણ,આરોગ્ય,દવા,સારવાર જેવી સુવિધાઓ સહિતના કાર્યો કરવામાં આવે છે. અત્યાર સુધી હસુભાઈએ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે રૂા 500 કરોડથી વધુનુ દાન કર્યુ છે.

ફ્રાન્સથી પરત આવેલા મુસાફરો એજન્ટો વિશે બોલવા તૈયાર નહીં

ભાસ્કર ન્યૂઝ | આંબલિયાસણ

ફ્રાન્સના વેટ્રી એરપોર્ટથી ભારત પરત મોકલાયેલા પ્લેનમાં ગુજરાતના 21 પ્રવાસીઓમાં મહેસાણા જિલ્લાના જોરણંગ, ખેરવા, ગોઝારિયા, દીવાનપુરા, આખજ, કડી, મહેસાણા સહિતના ગામોના યુવાનો હોવાની માહિતી બહાર આવ્યા બાદ સીઆઇડી ક્રાઈમે ચર્ચાસ્પદ બનેલા આ કબૂતરબાજી પ્રકરણમાં આ ગામોના લોકોની પૂછપરછ કરાઇ રહી છે. જોકે, માત્ર ફરવા ગયા હોવાનું જણાવી એજન્ટોના બચાવ કરતા નિવેદન સામે આવી રહ્યાનું સૂત્રો કહી રહ્યા છે. દુબઈથી નિકારાગુઆ જઈ રહેલા ખાનગી પ્લેનને ફ્રાન્સમાં રોકી પેસેન્જરોની પૂછપરછમાં તેઓ ફરવા માટે જતા હોવાનું જણાવતાં પ્લેનને ગત મંગળવારે મુંબઇ મોકલી અપાયું હતું. આ પ્લેનમાં ગુજરાતના 21 પ્રવાસીઓ અંગે સીઆઇડી ક્રાઈમે તપાસ હાથ ધરાઇ છે.

નં/એસજીજીયુ/એસ્ટા/ શૈક્ષણિક/૯૩૦૫/૨૦૨૩

જાહેરાત ક્રમાંક: ૦૫/૨૦૨૩ તા. ૨૯/૧૨/૨૦૨૩

ત્રીજો પ્રયત્ન

Re-Advertisement

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે નીચે મુજબની શૈક્ષણિક પદ પરની જગ્યાઓ માટે યુ.જી.સી. રેગ્યુલેશન, ૨૦૧૮ અને પબ્લીક યુનિવર્સિટી એક્ટ, ૨૦૨૩ (શિક્ષણ વિભાગ, ગુજરત સરકાર)ના નિયમ મુજબ ઑનલાઈન આવેદન મંગાવવામાં આવે છે.

ફેકલ્ટીનું નામ	પ્રોફેસર				
ફેકલ્ટી ઑફ આર્ટ્સ	એસ.સી	એસ.ટી	એસ.ઈ.બી.સી.	ઈ.ડબલ્યુ.એસ.	જનરલ
ડીપાર્ટમેન્ટ ઑફ સોશિયોલોજી	-	-	-	-	૧

ઉપરોક્ત દર્શાવેલ શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે ઑનલાઇન ફોર્મ તારીખ: ૦૨/૦૧/૨૦૨૪ થી તારીખ:૧૬/૦૧/૨૦૨૪ સુધી ઓનલાઈન માધ્યમ દ્વારા ભરી શકાશે. હાર્ડ કોપી મોકલવાની છેલ્લી તારીખ: ૧૮/૦૧/૨૦૨૪ (સાંજે ૫:૦૦ વાગ્યા સુધી).

ઉપરોક્ત જાહેરાત સંદર્ભે વધુ માહિતી મેળવવા માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.sggu.ac.in/recruitment નો સંપર્ક કરવો.

નોંધ: જે ઉમેદવારોએ અગાઉ જાહેરાત ક્રમાંક ૦૨/૨૦૨૩, તા.૧૧/૦૪/૨૦૨૩ મુજબ અરજી કરેલ હોય તેઓએ ફરીથી અરજી કરવાની રહેશે નહીં જેની ખાસ નોંધ લેવી.

સ્થળ: શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા)
તારીખ: ૨૯/૧૨/૨૦૨૪, ગુરુવાર

Sd/-
કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

માહિતી/ગોધરા/742/2023

ICICI Home Finance | **કોર્પોરેટ ઓફીસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૯, ઈન્ડિયા

બ્રાંચ ઓફીસ : ત્રીજો માળ, ૩૦૧, નક્ષત્ર -૩, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ટેલીફોન એક્સચેન્જ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૭.
બ્રાંચ ઓફીસ : ચોથો માળ, કિશન કેપીટલ, બેંક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત-૩૬૨ ૦૦૧.
બ્રાંચ ઓફીસ : ઓફીસ નં. ૨૦૧, બીજા માળે, પ્લોટ નં. ૮/બી, ગીજુભાઈ બધેકા માર્ગ, દક્ષીવામુર્તી સ્કુલ સામે, વાઘાવાડી રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨.

(જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

સ્થાવર સંપત્તિના વેચાણ માટેની નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના રૂલ્સ ૮ (૬) હેઠળ સ્થાવર અસ્કયામતનું ઈ-ઓકશન વેચાણ નોટીસ

કરજદારો અને જામીનદારોને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મળેલ સત્તાની રૂએ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડની બાકી માટે નીચે જણાવેલ અસ્કયામત અધિકૃત અધિકારી દ્વારા પ્રત્યક્ષ કબજો લેવામાં આવેલ છે. નીચે સહી કરનારે જયાં છે જેમ છે અને જે છે એ આધારે અહીં નીચે સંક્ષિપ્તમાં જણાવેલ સ્થાવર મિલ્કતની વેચાણ કરવા ઓફર આમંત્રિત કરવામાં આવે છે.

અનુ નં. (એ)	દેવાદાર/રો, સહદેવાદાર/રો જામીનદારોના નામ/ લોન એકાઉન્ટ નંબર (બી)	ટાંચમાં લીધેલ મિલ્કતની વિગત (સી)	બાકીની રકમ (ડી)	અનામત કિંમત / જમા કરાવવાની બાનાની રકમ (ઈ)	મિલ્કત નિરીક્ષણની તારીખ અને સમય (એફ)	હરરાજીની તારીખ અને સમય (જી)
૧.	નીખીલકુમાર એન પઢીયાર (દેવાદાર) યશવંતકુમાર નરેશભાઈ પઢીયાર (સહ-દેવાદાર) લોન એકાઉન્ટ નં. NHRJL00001252635	બજરંગ રેસીડેન્સી, છારડીયા રોડ, આર.એસ. નં. ૨૬૪ પૈકી ૩, આર. એસ. નં. ૨૬૪ પૈકી ૪, રાજુલા, ગુજરાત-૩૬૪૫૬૦.	₹ ૨૮,૪૨,૦૫૫/- (૧૫ ડિસેમ્બર, ૨૦૨૩)	₹ ૨૧,૦૬,૫૬૩/- ₹ ૨,૧૦,૬૬૦/-	૦૮ જાન્યુઆરી, ૨૦૨૪ સવારે ૧૧:૦૦- બપોરે ૦૩:૦૦	૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ બપોરે ૦૨:૦૦- બપોરે ૦૩:૦૦
૨.	જખરીયા જયેશભાઈ (દેવાદાર) જખરીયા શાંતાબેન (સહ-દેવાદાર) લોન એકાઉન્ટ નં. LHRAJ00001456814 અને LHRAJ00001456813	ગીતાપાર્ક, નવો પ્લોટ નં. ૨૮, પેટા પ્લોટ નં. ૨૮ પી ૪, રાધે પાર્ક પાછળ, જડીયા રોડ, ધ્રોલ, તાલુકો ધ્રોલ, જીલ્લો જામનગર, ધ્રોલ આર એસ નં. ૫૯૫, જામનગર ગુજરાત-૩૬૧૨૨૦.	₹ ૧૧,૧૬,૭૪૧/- (૧૫ ડિસેમ્બર, ૨૦૨૩)	₹ ૬,૭૯,૭૩૩/- ₹ ૬૭,૯૮૦/-	૦૮ જાન્યુઆરી, ૨૦૨૪ સવારે ૧૧:૦૦- બપોરે ૦૩:૦૦	૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ બપોરે ૦૨:૦૦- બપોરે ૦૩:૦૦
૩.	દેબાબ્રાતા હરધન બગ (દેવાદાર) રીંકુ બગ (સહ-દેવાદાર) મહેશભાઈ ઉકાભાઈ ગધાદરા (જામીનદાર) લોન એકાઉન્ટ નં. NHMVA00001273887 અને LHMVA00001272715	પ્લોટ નં. ૬૬ ૬૭ ૬૮ ત્રીજા માળે, સંસ્કારવિલા એપાર્ટમેન્ટ છતાડીયા રોડ મનમંદિર રેસીડેન્સી સામે રાજુલા આર એસ નં. ૨૬૨ પૈકી રાજુલા-૩૬૪૫૬૦	₹ ૧૧,૭૩,૧૧૬/- (૧૫ ડિસેમ્બર, ૨૦૨૩)	₹ ૭,૭૮,૫૯૦/- ₹ ૭૭,૮૬૦/-	૦૮ જાન્યુઆરી, ૨૦૨૪ સવારે ૧૧:૦૦- બપોરે ૦૩:૦૦	૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ બપોરે ૦૨:૦૦- બપોરે ૦૩:૦૦
૪.	અતુલકુમાર મોહનભાઈ ઘોડાસરા (દેવાદાર) કંચનાબેન અતુલભાઈ ઘોડાસરા (સહ-દેવાદાર) ગોદાવરી મોહન ઘોડાસરા (સહ-દેવાદાર) મોહનભાઈ જે ઘોડાસરા (સહ-દેવાદાર) લોન એકાઉન્ટ નં. LHRAJ00001284560	ફ્લેટ નં. ૫૦૧ અને ૫૦૨, શ્રી લક્ષ્મી પેલેસ, પ્લોટ નં. ૧ થી ૪, પટેલ મીલ કંમ્પાઉન્ડ, વેરાવળ રોડ, કેશોદ. કેશોદ, જુનાગઢ ગુજરાત-૩૬૨૨૨૦.	₹ ૫૬,૪૬,૫૦૩/- (૧૫ ડિસેમ્બર, ૨૦૨૩)	₹ ૪૫,૭૪,૮૮૦/- ₹ ૪,૫૭,૪૯૦/-	૦૮ જાન્યુઆરી, ૨૦૨૪ સવારે ૧૧:૦૦- બપોરે ૦૩:૦૦	૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ બપોરે ૦૨:૦૦- બપોરે ૦૩:૦૦
૫.	રમેશભાઈ મનુભાઈ ગોહીલ (દેવાદાર) કૈલાશબેન રમેશભાઈ ગોહીલ (સહ-દેવાદાર) લોન એકાઉન્ટ નં. NHJGH00001274584	ફ્લેટ નં. ૩૦૮ ત્રીજો માળ, સંસ્કારવિલા એપાર્ટમેન્ટ, રાજુલા-૩૬૪૫૬૦.	₹ ૧૦,૧૬,૩૦૩/- (૧૫ ડિસેમ્બર, ૨૦૨૩)	₹ ૭,૩૨,૭૯૮/- ₹ ૭૩,૨૮૦/-	૦૮ જાન્યુઆરી, ૨૦૨૪ સવારે ૧૧:૦૦- બપોરે ૦૩:૦૦	૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ બપોરે ૦૨:૦૦- બપોરે ૦૩:૦૦

ઓનલાઈન હરરાજી અમારી ઓકશન એજન્સી ‘ગ્લોબ ટેક’ ની વેબસાઈટ (URL Link-/https://BestAuctionDeal.com) પર યોજાશે. ગીરો મુકનારને ૧૮-૦૧-૨૦૨૪ના સાંજે ૦૫-૦૦ વાગ્યા સુધી બાકી રકમ તથા તેના પરનું વ્યાજ ભરી જવા માટે છેલ્લી તક છે જો તેમ નહી થાય તો ગીરો મિલ્કત તેના નકકી કરવામાં આવેલ કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે.

ઈચ્છુક બીડરોએ ઉપરોક્ત જણાવેલ બાનાની રકમ જે કોલમ નં. (ઈ)માં જણાવેલ છે તે રકમ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, ઓફીસ નં. ૨૦૧, બીજા માળે, પ્લોટ નં. ૮/બી, ગીજુભાઈ બધેકા માર્ગ, દક્ષીવામુર્તી સ્કુલ સામે, વાઘાવાડી રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨ તે ૧૮-૦૧-૨૦૨૪ બપોરે ૦૪-૦૦ વાગ્યા પહેલા માળે તે રીતે જમા કરાવવી. ઈચ્છુક બીડરોએ સહી કરેલા રજીસ્ટ્રેશન ફોર્મ અને બીડને નિયમો અને શર્તોનુ ફોર્મ આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ, ઓફીસ નં. ૨૦૧, બીજા માળે, પ્લોટ નં. ૮/બી, ગીજુભાઈ બધેકા માર્ગ, દક્ષીવામુર્તી સ્કુલ સામે, વાઘાવાડી રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨ ખાતે ત્યારે જ અથવા ૧૮-૦૧-૨૦૨૪ ના રોજ સાંજે ૦૫-૦૦ વાગ્યા પહેલા રજૂ કરવાની રહેશે. ઈએમડી, ડીડી, નેશનલાઈઝ અથવા શીડ્યુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ-ઓકશન નામનો અને રાજુલા, જામનગર, જુનાગઢ ખાતે ચુકવણી થાય તેવો હોવો જોઈએ.

નિરીક્ષણ, હરરાજીની શરતો અને નિયમો, ટેન્ડર્સ સુપ્રત કરવા, વિગેરે અંગેની વધારે સ્પષ્ટતા માટે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ ના નં. ૯૯૨૦૮૦૭૩૦૦ ઉપર સંપર્ક કરવો. અથવા અમારા સેલ્સ અને માર્કેટીંગ પાર્ટનર નેકસજેન સોલ્યુસન્સ પ્રાઈવેટ લીમીટેડ.

સતાવાર અધિકારીને કોઈપણ બીડ રદ કરવાનો કોઈપણ પ્રકારના કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર છે.

વેચાણની શરતો અને નિયમોની વધારે માહિતી જોઈતી હોય તો આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડની વેબસાઈટ https://www.icicihfc.com/ પર જવું

તારીખ : ૦૧-૦૧-૨૦૨૪
સ્થળ : રાજુલા, જામનગર, જુનાગઢ,

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

Azadi Ka Amrit Mahotsav

3 અને 4 વર્ષીય રાજ્ય સરકારની જામીનગીરી (સિક્યોરિટીઝ)ની હરાજી

ગુજરાત રાજ્ય સરકારે હરાજી મારફત કુલ **₹1,500.00 કરોડ (ફેસ વેલ્યુ)**ની જામીનગીરી વેચવાની ઓફર કરી છે.

મલ્ટિપલ પ્રાઇસ ફોર્મેટ હેઠળ ઉપજ આધારિત આ હરાજી **02 જાન્યુઆરી 2024 (મંગળવાર)**ના રોજ રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયા કોર બેંકીગ સોલ્યુશન **(ઈ-કુબેર)** સિસ્ટમ પ્રમાણે યોજાશે. વ્યક્તિગત રોકાણકારો **રિટેલ ડાયરેક્ટ પોર્ટલ (https://rbiretaildirect.org.in)** દ્વારા બિન-સ્પર્ધાત્મક યોજના મુજબ બિડ મૂકી શકે છે.

વધુ વિગતો માટે, કૃપા કરીને **29 ડિસેમ્બર 2023 (શુક્રવાર)**ના રોજ આર.બી.આઈ.ની વેબસાઈટ **(www.rbi.org.in)** પર મુકવામાં આવેલી અખબારી યાદી જુઓ.

“નાણાં આપવાની લાલચ આપતા ઇ-મેલ/એસએમએસ/ફોનથી છેતરાશો નહિ”

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

“બીઆરસી/યુઆરસી અને સીઆરસી પરીક્ષા- ૨૦૨૪”

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા સેક્ટર-૧૭, ગાંધીનગર દ્વારા સમગ્ર શિક્ષા અંતર્ગત બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ.ની ખાલી જગ્યાઓ પ્રતિનિયુક્તિથી ભરવા માટે અરજીઓ મંગાવવામાં આવેલ હતી. સમગ્ર શિક્ષા દ્વારા આ પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડને લેવા માટે જણાવવામાં આવેલ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૦૭/૦૧/૨૦૨૪ રવિવાર ના રોજ OMR Based લેખિત પરીક્ષા (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ કલાક દરમ્યાન સીઆરસી પરીક્ષા તથા બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન બીઆરસી/યુઆરસી પરીક્ષા)નુ અમદાવાદ શહેર, વડોદરા, રાજકોટ અને સુરત જિલ્લા ખાતે આયોજન કરવામાં આવેલ છે

આ પરીક્ષા માટેની હોલટીકીટ તા:૦૧/૦૧/૨૦૨૪ બપોરે ૨.૦૦ કલાકથી તા:૦૭/૦૧/૨૦૨૪ સવારે ૧૧.૦૦ કલાક દરમિયાન આ કચેરીની વેબસાઇટ www.sebexam.org પરથી ડાઉનલોડ કરી શકાશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

તા.૦૧/૦૧/૨૦૨૪

અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર
માહિતી/૨૦૯૬/૨૩-૨૪

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION, GUJARAT
(A State Public University established by Government of Gujarat)

IITE is inviting applications for
Chanakya Awards for Teacher Education

Categories:
1. Best Teacher Trainee
2. Best Teacher Educator
3. Best Teacher Education Institute

ચાણક્ય

Applications are invited from:
1st January 2024 to 15th March 2024

Kindly refer to the website: www.iite.ac.in
for details and online application.

INF/2099/23-24

Saurashtra Gramin Bank
Head Office : Wing - 2, 1st Floor, LIC Jeevan Prakash Building, Mahila College Circle, Tagore Road, Rajkot - 360 001.
E-mail : sgbfi@sgbrrb.org • Web : www.sgbrrb.org

Empanelment of Corporate Business Correspondents for Financial Inclusion by providing Banking services through Kiosk

Interested Firms/ Companies need to submit their Application with necessary documents in hard copy to address given in website on or before **22.01.2024 up to 5.00 PM.** Details regarding engagement process are uploaded on our Website **www.sgbrrb.org**. Any amendment/change in whole selection process will be published on Bank's Website only.

Date : 01.01.2024, Place : Rajkot Sd/-, Chairman

— :: જાહેર નોટિસ :: —

—:: વીરપર ગામે આવેલ ખેતીની જમીન અંગે ::—

મોરબી જીલ્લાના ટંકારા તાલુકાના ગામ વીરપરના રેવન્યુ સર્વે નં.૩૯૬ પૈકી ૧ પૈકી ની ખેતીની જમીન અંગે.

ગામ વીરપરના રેવન્યુ સર્વે નં.૩૯૬ પૈકી ૧ પૈકી ની ખેતીની જમીન એકર ૧૬-૦૦ ગુંઠા (હે.૬-૪૭-૫૦ ચો.મી.) અમો જાહેર નોટીસ આપનારને આસી. કલેકટરસાહેબના હુકમથી સાંથણીમાં મળેલ હતી. તે જમીન ઉપર બેન્કમાંથી ધીરાણ લીધેલ અને તે બેન્કનું ધીરાણ હું ભરી શકેલ ન હતો તેથી મારી જમીન હરરાજી કરી મારુ બેન્કનું બાકી ધીરાણ ભરપાઈ કરવા માટે બેન્કની નોટીસ મળેલ હતી ત્યારબાદ બેન્કના બોજા સબબ રીકવરી ઓફીસરએ તમામ જરૂરી પ્રક્રીયા પુર્ણ કરી જાહેર હરરાજી કરતા કણઝારીયા ધનજી પરસોતમ એ નકકી થયેલ અપસેટ પ્રાઈઝ થી વધું કિંમતે વેચાણ રાખતા રીકવરી ઓફીસરના તા.૧૭/૦૬/૧૯૮૮ ના હુકમથી સવાલવાળી જમીન નું સેલ ડીડ કરી આપવા અને જમીનનો કબ્જો જોગવાઈ મુજબ સોંપી આપવા હુકમ કરેલ અને દસ્તાવેજ કરી આપી કબ્જો સોંપી આપેલ છે. જે સેલ ડીડ કણઝારીયા ધનજી પરસોતમ ને કરી આપેલ તે મને કબુલ અને મંજુર છે.

ઉપરોકત જમીનની હરરાજી થયા બાદ અમો સાંથણીદાર શેરશીગ સુરજન રામએ બેન્કના બોજા સબબ રીકવરી ઓફીસરના હરરાજીના પ્રોસીડીંગ સામે કોર્ટમાં કેસ દાખલ કરેલ હતા જે ઉત્તરોતર હુકમો અમારા વિરૂધ્ધ આવતા છેલ્લે અમોએ નામદાર હાઈકોર્ટમાં સ્પ.સી.એ. નં.૫૦૩૧/૨૦૧૬ ની દાખલ કરેલ જે કેસ નો ઓર્ડર પણ અમો સાંથણીદાર શેરશીગ સુરજન રામ વિરૂધ્ધ આવેલ હોય અને તે ઓર્ડર મુજબ હરરાજી બરાબર થઈ હોય તેવો હુકમ આવેલ તેથી તે હુકમ સામે અમોએ ગુજરાત હાઈકોર્ટમાં ડબલ જજ બેન્ચમાં એલ.પી.એ. નં.૧૨૨૧/૨૦૨૩ થી એલ.પી.એ. દાખલ કરેલ હતી. જે એલ.પી.એ. નો ઓર્ડર પણ અમો સાંથણીદાર શેરશીગ સુરજન રામ વિરૂધ્ધ આવેલ હોય તેથી અમો સાંથણીદાર શેરશીગ સુરજન રામ તે હુકમો સ્વીકારી છીએ. અને હવે પછી સદરહું જમીન અંગે અમારે ભવિષ્યમાં કોઈ નવા લીટીગેશન કરવાના નથી તે જાહેર કરીએ છીએ.

આમ ઉપરોકત વિગતે અમોએ કરેલા તમામ કેસ પુર્ણ થયેલા છે તથા સહરહું જમીનના માલીકો હાલના જમીન માલીકો છે જે સ્વતંત્ર માલીક છે. જેનો તેમને કોઈ પણ પ્રકારે વેચાણ કે વ્યવસ્થા કરવા સંપુર્ણ હકક, સતા, અને અધિકાર છે. જે જમીનનું વેચાણ કરેતો તેમાં અમોને હરકત સરખું નથી તથા અગાઉ વેચાણ થયેલ હોય કે હવે પછી વેચાણ થાય તેની નોંધ પડે તેમાં અમોને કોઈ પણ પ્રકારનો વાંધો તકરાર નથી તથા તે જમીનમાં મારો કાંઈ પણ પ્રકારનો હકક હીત હીસ્સો કે લાગ ભાગ નથી તથા તે અંગે મારે કે મારા વારસદારોએ ભવિષ્યમાં વાંધો તકરાર લેવાના નથી.

તદઉપરાત વિષેશમાં આથી જાહેર કરૂ છુ કે ઉપરોકત જમીન અંગે મે કોઈ પણ પ્રકારના લખાણો કે કુલ મુખત્યારનામાં કોઈ પણ વ્યકિતને આપેલ હોય તો તે તમામ કુલમુખત્યારનામાં અને લખાણો આથી હું રદ કરુ છુ તથા તેવા તમામ લખાણો કે કુલમુખત્યારનામાં આથી રદ ગણાશે જેની આથી હુ સ્પષ્ટતા કરૂ છુ. જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૨૯/૧૨/૨૦૨૩

શેરસીગ સુરજન રામ ઉર્ફે શેરસીગ સુરજનસીગ

ભાસ્કર CLASSIFIED
BhaskarAd.com
હવે ટચુકડી જાહેરખબર ઓનલાઈન બુક કરો
Call : 9772019222

મેડીકલ
Medical

હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

નોકરી વિષયક
APPOINTMENT

પાર્ટ ટાઇમ જોબ

Gujrati પેન્સિલ પેકિંગ ઘરથી મહિલા પુરુષ 95000/- કમાઓ whatapp. 8650006508

માર્કેટીંગ એન્ડ સેલ્સ

સેલ્સમેન જોઇએ છે. ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં માર્કેટીંગ કરી શકે તેવા, પગાર રૂ. 20000 + પેટ્રોલ મો. 7405060300

ધંધાકિય
BUSINESS

કન્સલટન્સી

Diamond પેન્સિલ પેકિંગ ઘરથી મહિલા પુરુષ 75000 કમાઓ. WhatsApp 9216947036

ઘરેબેઠા ટચુકડી જાહેરાત આપવા માટે કોન્ટેક કરો.
મો. 99249 56303

અન્ય

હોલ સેલ હેન્ડીક્રાફ્ટ
બાજોટ, પાટલા, મુખવાસ બોક્સ, બળદગાડી, મેટલ શો-પીસ, ફ્લાવરપોટ OX. મંદિર, લગ્ન આણાની આઈટમોની વિશાળ રેન્જ મેળવવા મળો
કલાકૃતિ હેન્ડીક્રાફ્ટ
દિવાનપરા રોડ, રાજકોટ 93286 55677

શૈક્ષણિક

હિરેન ધારૈયા
CNC પ્રોગ્રામિંગ કલાસિસ
CNC
પ્રોગ્રામિંગ શીખો
હાર્દિક ધારૈયા
09574 261002
CNC મશીન ઉપર પ્રેક્ટીકલ સાથે કોર્ષ શીખો

પ્રોપર્ટી
PROPERTY

રહેણાંક- વેચવાનું છે

મકાન વેચવાનું છે, 137 વાર, સૌકલા કેન્દ્ર ની બાજુમાં , રાજકોટ -98242 14062

જૂનાગઢ
Junagadh

અન્ય

ફિલ્મ/ સીરીયલમાં પ્રવેશ માટે યુવક/ યુવતી/ બાળ કલાકાર વડીલજનોએ તુરંત સંપર્ક કરવો. 81538 56011

સાચી વાત, બેધડક
દિવ્ય ભાસ્કર

પ્રોપર્ટી વેચવા
અથવા ભાડે
આપવા માટે
ઓનલાઈન
જાહેરાત બુક કરો

*નિયમો અને શરતો લાગુ.

જાહેરાત બુક કરો, ડિસ્કાઉન્ટ મેળવો
BhaskarAd.com
9772019222

દિવ્ય ભાસ્કર

વાચકોને આ અખબારમાં પ્રસિસ્ધ્ધ કોઈપણ જાહેરાતના સંબંધમાં પૈસા મોકલવા, કોઈપણ ખર્ચ ઉઠાવવા અથવા કોઈપણ વાયદા- દાવા પર અમલ કરતા પહેલા જરૂરી પૂછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ડીબી કોર્પ લિમિટેડ જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી.

ડીબી કોર્પ લિમિટેડના પ્રિન્ટર, પ્રકાશક, સંપાદક અને માલિક.

- જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો દિવ્યભાસ્કર પ્રકાશન સમૂહને કોઈપણ પરિણામ માટે જવાબદાર ગણી શકાશે નહીં.